## સંસ્થાનો પરિચય

કરૂણા ચેરીટેબલ ટ્રસ્ટની સ્થાપના ૨૦૧૯ માં કરવામાં આવી હતી અને તે મુંબઈના સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૦ અને મંડળીઓની નોંધણી અધિનિયમ, ૧૮૬૦ હેઠળ નોંધાયેલ છે.

## સંસ્થાનો ઉદ્દેશ

સંસ્થાનો ઉદ્દેશ રખડતા પશુ-પક્ષીઓની નિઃશુલ્ક સેવા આપવાનો છે અને પશુ-પક્ષીઓની પીડા અને વેદના ઘટાડવાનો છે.











## અમારું સ્વપ્ન

અસક્ષમ, કરોડરજ્જુ તૂટેલા, અંધ અને વૃદ્ધ પશુ-પક્ષીઓ જ્યાં તેઓ મુક્તપણે હરી ફરી શકે અને તેમનું બાકીનું જીવન શાંતિથી જીવ શકે, એવું કાયમી અભયારણ્ય બનાવવાનું અમારું સ્વપ્ન છે.

અબોલ જીવો માટે રાત્રિ એમ્બ્યુલન્સ શરૂ કરવી.

અબોલ જીવો માટે સ્મશાનગૃહ બનાવવું.

## દાન માટે અપીલ

કરૂણા ચેરીટેબલ ટ્રસ્ટનું કાર્ય ફક્ત દાતાઓના દાન પર આધાર રાખે છે. સંસ્થા પાસે કાયમી ભંડોળ નથી.

અબોલ જીવોના કલ્યાણ માટે અમારું કાર્ય ચાલુ રાખવા માટે તમારો સહયોગ જરૂરી છે. તમારું યોગદાન અમને નિર્દોષ પશુ-પક્ષીઓના જીવનને પીડાથી બચાવવામાં અને તેમને સારું અને સુખી જીવન આપવામાં મદદ કરશે.

આપના જન્મદિવસ, લગ્નતિથિ, સ્નેહીજનની સ્વર્ગસ્થતિથિ જેવા સારા-નરસા પ્રસંગે પણ આપ દાનનો લાભ લઈ અનેક અબોલ જીવોને જીવનદાન આપી શકો છો.

## બેંકની વિગત

આપ અમને ચેક / ડિમાન્ડ ડ્રાફ્ટ / મની ઓર્ડર / એન.ઈ.એફ.ટી. / આર.ટી.જી.એસ. / આઈ.એમ.પી.એસ. / બેંક ટ્રાન્સફરનો ઉપયોગ કરીને ચૂકવણી કરી શકો છો.

| | | |
|---|---|---|
| *ટ્રસ્ટનું નામ* | : | 'કરૂણા ચેરીટેબલ ટ્રસ્ટ' (અમદાવાદમાં ચૂકવવાપાત્ર) |
| બેંકનું નામ | : | બેંક ઓફ ઈન્ડિયા |
| *એકાઉન્ટ નં.* | : | 201110110013087 |
| આઈ.એફ.એસ.સી.કોડ | : | BKID0002011 |
| *બેંક શાખા* | : | પાલડી શાખા |

**ટ્રસ્ટને આપવામાં આવતું દાન 80G (5) હેઠળ કરમુક્ત છે.**

ઓનલાઈન દાન સ્વીકારવામાં આવે છે.

આપ અમને
BHIM UPI,
Paytm,
Google Pay,
PhonePe
વગેરેનો ઉપયોગ કરીને દાન કરી શકો છો.

*દાન કરવા ક્યુ.આર. કોડ સ્કેન કરો.*



# કરૂણા ચેરીટેબલ ટ્રસ્ટ

Regd. No. : F/20582/Ahmedabad

**પશુ-પક્ષીઓની નિઃશુલ્ક સેવા કરતી સંસ્થા**

karunacharitabletrust3@gmail.com www.karunacharitabletrust.org

+91 8000501861

વાસણા, અમદાવાદ-૩૮૦ ૦૦૭, ગુજરાત, ઈન્ડિયા.

## અમારી પ્રવૃત્તિઓ

### પશુ-પક્ષીઓની બચાવ કામગીરી

અમે ઘાયલ અને બીમાર રખડતા પશુ-પક્ષીઓની બચાવ કામગીરી કરીએ છીએ.



### ઉત્તરાયણ સમયે પક્ષી બચાવો અભિયાન

ઉત્તરાયણ પક્ષીઓ માટે કમનસીબ માનવસર્જિત સંકટ છે. કાચ પાયેલી દોરીથી હજારો પક્ષીઓ તેમની પાંખ કે અન્ય ભાગ પર ઈજા પામે છે. કેટલાક પક્ષીઓ કાયમ માટે અપંગ બને છે અથવા મૃત્યુ પામે છે.

દર વર્ષે ઉત્તરાયણ દરમિયાન ઈજાગ્રસ્ત પશુ-પક્ષીઓને બચાવવા માટે સંસ્થા દ્વારા પક્ષી બચાવો કેમ્પનું આયોજન કરવામાં આવે છે.

### ઉનાળામાં પશુ-પક્ષીઓ માટે પાણી પીવાના કુંડાનું વિતરણ



ઉનાળામાં આપણે પાણી વગર નથી રહી શક્તા, તો આ અબોલ જીવોની હાલત કેવી થતી હશે, એની કલ્પના કરી જુઓ. પશુ-પક્ષીઓ માટે પાણીની વ્યવસ્થા કરી તેમનું જીવન બચાવીએ.

દર વર્ષે ઉનાળા દરમિયાન તરસ્યા પશુ-પક્ષીઓને બચાવવા માટે સંસ્થા દ્વારા પાણી પીવાના કુંડાનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવે છે.

### ચકલી બચાવો અભિયાન



દર વર્ષે લુપ્ત થઈ રહેલા નાના પક્ષીઓના સંરક્ષણ માટે સંસ્થા દ્વારા પક્ષીના માળાનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવે છે.

### શિયાળામાં ગલ્લુંનું ગાદલું અભિયાન



દર વર્ષે શિયાળા દરમિયાન શેરીના કુતરાઓને કડકડતી ઠંડીથી હૂંફ આપવા માટે સંસ્થા દ્વારા ગલ્લુના ગાદલાંનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવે છે.

### રીફ્લેક્ટીવ કોલર અભિયાન



ચોમાસામાં અને શિયાળાની ઋતુમાં ઓછી દ્રશ્યતાના કારણે પ્રાણીઓ તેમજ મનુષ્યોને માર્ગ અકસ્માતમાં થતી ઈજાઓ અને મૃત્યુ અટકાવવા માટે રીફ્લેક્ટીવ કોલર અભિયાન.

દર વર્ષે ચોમાસા દરમિયાન, અબોલ જીવોને બચાવવા માટે સંસ્થા દ્વારા રીફ્લેક્ટીવ કોલરનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવે છે.

### ધ્યેય અને હેતુ

પશુ-પક્ષીઓને ખોરાક આપવો, પશુ-પક્ષીઓની સરવાર, પશુ-પક્ષીઓને ખરીદવાને બદલે દત્તક લેવા માટે પ્રોત્સાહિત કરવું, રીફ્લેક્ટીવ કોલર અભિયાન, હડકવા વિરોધી રસીકરણ, વંધ્યીકરણ, પ્લાસ્ટીકના વપરાશનો વિરોધ કરવો, ચામડાની ચીજ-વસ્તુઓના વપરાશનો વિરોધ કરવો, પશુ-પક્ષીઓ પ્રત્યે ક્રૂરતા ઘટાડવા જાગૃતિ લાવવી, શાકાહારી ભોજનનો પ્રચાર પ્રસાર અને ફાયદાઓની જાણકારી, જનજાગૃતિ કાર્યક્રમો, ૨૪ કલાક પશુ-પક્ષીઓ માટે હોસ્પિટલ સેવા અને ૨૪ કલાક પશુઓ માટે મોબાઈલ ક્લિનિક સેવા.






### સ્વયંસેવક

સ્વયંસેવકો અમારી ટીમનો આવશ્યક ભાગ છે.

જો તમે પ્રાણી કે પક્ષીપ્રેમી છો અને આ તમારા હૃદયની નજીકનું કારણ છે, તો અમારી સાથે જોડાઓ. આ ઉમદા કાર્યમાં અમને મદદ કરવા માટે તમે સ્વયંસેવક તરીકે જોડાઈ શકો છો અને તમે તમારો અનુકૂળ સમય ફાળવી શકો છો.